# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-10-2023** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **ચૈતાલી શાહ** વાંચે છે.

*****************************************************

- સિક્કિમમાં લહોનક સરોવર ખાતે વાદળ ફાટવાથી તીસ્તા નદીમાં પુર આવ્યું છે. - સેનાના 23 જવાનો લાપતા બન્યા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે.
- કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે.
- સી.બી.આઈ.ની અદાલતે આર.જે.ડી.ના લાલુપ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ અને મીસા ભારતીને નોકરીના બદલામાં જમીનના કેસમાં જામીન આપ્યા.
- ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં ભારતે 17 સુવર્ણ ચંદ્રક, 31 રજત ચંદ્રક અને 32 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 80 ચંદ્રકો જીતી લીધા છે.
- ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો આવતીકાલથી અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ મેદાન પર આરંભ થશે.

*************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SIKKIM CM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ સાથે વાતચીત કરીને સિક્કિમમાં તીસ્તા નદીમાં આવેલા પુરના કારણે ઉભી થયેલી પરિસ્થિતિની માહિતી મેળવી છે અને કેન્દ્ર સરકાર વતી શક્ય તમામ સહાય આપવાની ખાતરી આપી છે.

ઉલ્લેખનીય છે કે, સિક્કિમમાં મંગન જીલ્લામાં લહોનક સરોવર ખાતે વાદળ ફાટવાથી તીસ્તા નદીમાં પુર આવ્યું છે. પરિણામે પેકયોંગ જીલ્લામાં આવેલા સેનાના એકમોને પુરની અસર થઇ છે. સેનાના 23 જવાનો લાપતા બન્યા છે. મંગન, ગંગતોક, પેંકયોંગ અને નામચી જીલ્લાઓમાં પુરના કારણે ઘણા પુલ અને મકાનોને ભારે નુકશાન થયું હોવાના અહેવાલ છે.

સત્તાવાળાઓએ તિસ્તા નદી કિનારા વિસ્તારમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવા બચાવ ટુકડીઓ મોકલી છે. દરમિયાન NDRF ના જવાનોએ સાત નાગરીકોને બચાવી લીધા છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન

# PM-MADHYA-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ ઇન્દોરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 128 કરોડ રૂપિયાના ખર્ચના લાઇટ હાઉસ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. આ યોજનાનો લાભ એક હજારથી વધુ પરિવારોને મળશે.

એવી જ રીતે, તેઓ જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-રીપીટ

# PM-RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાનના જોધપુરમાં પાંચ હજાર કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ રાજસ્થાનમાં AIIMS જોધપુર ખાતે 350 કરોડ રૂપિયાના ટ્રોમા , અને ક્રિટિકલ કેર કેન્દ્રનો શિલાન્યાસ કરશે.

શ્રી મોદી જોધપુર એરપોર્ટ પર 480 કરોડ રૂપિયાના ખર્ચે બંધાનાર ટર્મિનલ બિલ્ડીંગનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી 1 હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનાવવામાં આવેલ IIT જોધપુર કેમ્પસ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ રાજસ્થાનની સેન્ટ્રલ યુનિવર્સિટીમાં સેન્ટ્રલ લાઇબ્રેરી, 600 ક્ષમતાની હોસ્ટેલ અને વિદ્યાર્થીઓ માટે જમવાની સુવિધાનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી નવી બે ટ્રેનોને લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવશે. તેમજ અન્ય બે રેલ પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરશે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-રીપીટ

# PM-SVANIDHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પીએમ સ્વનિધી યોજનાના લાભાર્થીઓની સંખ્યા 50 લાખથી વધુ થઇ એ અંગે ખુશીની લાગણી વ્યક્ત કરી છે. શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સોશિયલ મિડિયામાં કરાયેલી પોસ્ટના પ્રતિભાવમાં તેમણે વધુમાં કહ્યું કે, આ યોજનાના કારણે ફેરિયાઓનું જીવન સરળ બનવાની સાથે સાથે તેમને ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક મળી છે.

ઉલ્લેખનીય છે કે , PM સ્વનિધિ યોજના 1લી જૂન 2020 ના રોજ શરૂ કરવામાં આવી હતી , જે શહેરી શેરી વિક્રેતાઓ માટે એક સુક્ષ્મ ધિરાણ યોજના છે , જેનો ઉદ્દેશ્ય 50 હજાર રૂપિયા સુધીની કોલેટરલ-મુક્ત કાર્યકારી મૂડી અનુદાન પ્રદાન કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-રીપીટ

# CABINET-DECISION

કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે આજે દિલ્હીમાં પત્રકારો જણાવ્યું હતું કે , હવેથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને સિલિન્ડર દીઠ 200 રૂપિયાના બદલે 300 રૂપિયા સબસીડી અપાશે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર-યશ્રી

# LALU- BAIL

સી.બી.આઈ.ની દિલ્હીની એક અદાલતે રાષ્ટ્રીય જનતા દળના અધ્યક્ષ લાલુપ્રસાદ યાદવ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી રાબડી દેવી અને રાજયના ઉપમુખ્યમંત્રી તેજસ્વી યાદવ અને સાંસદ મીસા ભારતીને નોકરીના બદલામાં જમીન ભ્રષ્ટાચારના કેસમાં જામીન આપ્યા છે.

આરોપીઓ સામે આરોપનામુ દાખલ થયા પછી અદાલતે આરોપીઓને સમન્સ પાઠવ્યા હતા અને દરેકને 50 હજાર રૂપિયા વ્યક્તિગત જામીન બોન્ડ પેટે ભરવાનો નિર્દેશ આપ્યો હતો. અદાલતે આ કેસની હવે પછીની સુનવણી 16મી ઓકટોબરે હાથ ધરવાનો નિર્ણય લીધો છે. અદાલતે બધા જ આરોપીઓને આરોપનામાની કોપીઓ આપવાનો નિર્દેશ સી.બી.આઈ.ને આપ્યો છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન

# ASIAN GAMES

ચીનમાં રમાઇ રહેલા એશિયાઇ રમતોત્સવમાં ભારતે 17 સુવર્ણ ચંદ્રક, 31 રજત ચંદ્રક અને 32 કાંસ્ય ચંદ્રક મળીને કુલ 80 ચંદ્રકો જીતી લીધા છે.

પુરૂષોની ભાલ ફેંક સ્પર્ધામાં નીરજ ચોપરાએ સુવર્ણ ચંદ્રક અને કિશોર જેનાએ રજત ચંદ્રક મેળવ્યા છે.

મહિલાઓની 800 મીટર દોડમાં હરમીલાન બૈન્સે રજત ચંદ્રક મેળવ્યો છે. એવી જ રીતે પુરૂષોની 5 હજાર મીટરની ઇવેન્ટમાં અવિનાશ સાબલેએ રજત ચંદ્રક જયારે મહિલાઓની ટીમે 4 બાય 400 મીટર રીલે દોડમાં રજત ચંદ્રક મેળવ્યા છે.

તીરંદાજીમાં જયોતિ સુરેખા વેનામ અને ઓજસ દેઓતાલેની જોડીએ કમ્પાઉન્ડ મીક્સ ટીમ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો છે.

બોક્સિંગમાં લોવલીના બોરગોહેને રજત ચંદ્રક અને પરવીન હુડાએ કાંસ્ય ચંદ્રક જીતી લીધો છે.

સ્કવોશમાં અભય સિંહ અને અનહાત સિંહની જોડીએ કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. પુરૂષોની હોકી ટીમે દક્ષિણ કોરીયાને 3 – 0 થી પરાજય આપ્યો છે.

. . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન

# CRICKET-WORLD-CUP

ICC એક દિવસીય વિશ્વકપ ક્રિકેટ સ્પર્ધાનો આવતીકાલથી અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ મેદાન પર આરંભ થશે.

સ્પર્ધાની પહેલી મેચમાં ઇંગ્લેન્ડ અને ન્યુઝીલેન્ડ વચ્ચે મુકાબલો થશે. જો કે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડે ઉદ્ઘાટન સમારંભ નહીં યોજવાનો નિર્ણય લીધો છે. ભારત સ્પર્ધાની પહેલી મેચમાં આગામી 8મી ઓકટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમશે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન

# CABINET- Tenancy Regulation

કેન્દ્રિય મંત્રીમંડળે દાદરા અને નગર હવેલી તથા દમણ અને દિવ સહિત ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ભાડૂઆત નિયમન ધારામાં સુધારો સૂચવતો વટહુકમ જારી કરવાની દરખાસ્તને મંજૂરી આપી છે. આજે નવી દિલ્હીમાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં જણાવાયું છે કે , સૂચિત વટહુકમનો ઉદ્દેશ્ય કેન્દ્રશાસિત પ્રદેશોમાં કોઇપણ એકમ ભાડે આપવાની પ્રક્રિયા પારદર્શક બનાવવી અને આ અંગેની જવાબદેહિતામાં વધારો કરવાનો છે.

તેવી જ રીતે , સૂચિત વટહુકમ મકાન માલિક અને ભાડૂઆત બંનેના હિતોનું રક્ષણ કરશે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર-યશ્વી

# PARSHOTTAM-RUPALA---ANIMAL-DAY

કેન્દ્રીય પશુ સંવર્ધન વિભાગના મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ જણાવ્યું છે કે, પ્રાણી અને કુદરત પ્રત્યે સ્નેહભાવ એ ભારતીય સંસ્કૃતિનું અભિભાજય અંગ છે.

તેમણે કહ્યું કે, જીવ સૃષ્ટિને ટકાવવા માટે પર્યાવરણનું જતન જરૂરી છે. તેમણે પ્રાણીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ બનવા ઉપર ભાર મૂકયો હતો.

પશુ સંવર્ધન વિભાગના રાજય મંત્રી સંજીવ બાલીયાને મથુરાની ગૌશાળા સંસ્કૃતિનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, લગ્ન કે અન્ય સારા પ્રસંગોએ લોકો નિયમિત રૂપે ગૌશાળાઓમાં દાન આપતા હોય છે.

તેમણે પ્રાણીઓના કલ્યાણ માટે અદના નાગરીકોનું સમર્થન જરૂરી હોવા ઉપર ભાર મૂકયો હતો.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન

# PAKISTAN-TERRORIST

પાકિસ્તાનના ખૈબર પખ્તુનવા પ્રાંતમાં પાકિસ્તાનના સલામતી દળોએ કરેલી કાર્યવાહીમાં દસ આતંકવાદીઓ ઠાર થયા છે.

સત્તાવાર સુત્રોના જણાવ્યા મુજબ આતંકવાદી પ્રવૃત્તિઓ વધતા પાકિસ્તાનની સેનાએ આતંકવાદીઓ સામેની કાર્યવાહી વધારી છે.

દરમિયાન પાકિસ્તાનની રખેવાળ સરકારના આંતરીક બાબતોના મંત્રી સરફરાઝ બુગતીએ અફઘાની ઉગ્રવાદીઓ પાકિસ્તાનમાં આતંકવાદી પ્રવૃત્તિ પાછળ હોવાનો આક્ષેપ કર્યો છે. પાકિસ્તાને અફઘાનિસ્તાન સામે આતંકવાદીઓને અફઘાન ધરતી પરથી કામગીરીની છૂટ આપવાનો પણ આક્ષેપ કર્યો છે.

. . . . . . . . . . . . . . . . .

પુલ-શ્રીરંગ સર, નવીન